પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૧૧ | ૧ જુલાઈ, ૨૦૧૭, શનિવાર ; અષાઢ સુદ - ૮ | પાનાં - ૧૦ કિંમત રૂ. ૧.૮૦


# ઐતિહાસિક જીએસટી આજથી અમલી

**ખાદ્યાન્ન ચીજવસ્તુઓ, શાકભાજી, દૂધ જેવી વસ્તુ ઉપર જીએસટી નહીં : મેડિકલ-એજ્યુકેશન જેવી સર્વિસેજ હાલમાં જીએસટીથી બહાર જ રહેશે : ફ્લાઇટ ટિકિટ, સ્માર્ટ ફોન, સિનેમા, કેબલ, ડીટીએચ જેવી સર્વિસ સસ્તી થશે પણ બેંકિંગ સેવા, રેલવે ટિકિટ તેમજ ટેલિફોન બિલ આજથી વધી જશે**




નવી દિલ્હી,તા.૩૦

જેની રાહ જોવામાં આવી રહી છે તે ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વ્યવસ્થા આવતીકાલથી દેશભરમાં અમલી બની રહી છે. એકબાજુ વિમાનમાં ઈકોનોમી ક્લાસમાં ટિકિટ, સ્માર્ટ ફોન, સિનેમા, થિયેટર, કેબલ અને ડીટીએચ જેવી સર્વિસને લઈને લોકોને રાહત મળશે. કારણ કે, આવતીકાલથી મનોરંજનના આ તમામ સાધન સસ્તા થશે. કારણ કે તેના ઉપર મહત્તમ ૧૮ ટકા જીએસટી લાગૂ થશે. આ ઉપરાંત જીએસટી વ્યવસ્થામાં દવાની કિંમતો ઘટશે. કારણ કે, હાલમાં જે ૧૪ ટકા ટેક્સ છે ઘટીને ૧૨ ટકા થશે. બીજી બાજુ પહેલી જુલાઈથી ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એસીના રેલવે ટિકિટ મોંઘા થશે. બીજી બાજુ કિંમતી વસ્ત્રો ઉપર વધારે ખર્ચ કરવો પડશે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સની ચીવજસ્તુઓ પર જીએસટીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી. આ ચીજવસ્તુઓ ઉપર ૨૫ ટકાથી ૨૬ ટકા ટેક્સ લાગે છે. આ ઉપરાંત ટેલિફોન બિલમાં વધારો થશે. નાની કાર સસ્તી થશે. હોટલમાં જમવાની બાબતમાં જુદા જુદા દર રહેશે. ૭૫ લાખ રૂપિયાથી વધુના વાર્ષિક ટર્ન ઓવર ધરાવનાર રેસ્ટોરન્ટ પર પાંચ ટકા જીએસટી લાગૂ થનાર છે. આનો મતલબ એ થયો કે અહીં ભોજન કરવાની બાબત સસ્તી સાબિત થશે. એર કન્ડીશનવાળા રેસ્ટોરન્ટમાં ભોજન કરતી વેળા ખર્ચ વધારે આપવો પડશે. સામાન્ય લોકો, ઉદ્યોગજગત, શેરબજાર સહિત તમામ લોકો પર તેની અસર થનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## કઈ-વસ્તુ પર કેટલો ટેક્ષ

| | |
|---|---|
| સોનું | ૩ ટકા |
| ગોલ્ડ જ્વેલરી | ૩ ટકા |
| રેડીમેડ ગારમેન્ટ | ૧૨ ટકા |
| તમામ બ્રાન્ડેડ બિસ્કીટ | ૧૮ ટકા |
| ટ્રેડ માર્ક પર વેચાતા પેકેજડ ફુડ આઈટમ્સ | ૫ ટકા |
| બીડી | ૨૮ ટકા |
| સિલ્ક-જ્યુટ | કોઈ ટેક્સ નહીં |
| કોટન-નેચરલ ફાઈબર | ૫ ટકા |
| મેનમેડ ફાઈબર | ૧૮ ટકા |
| યાર્ન | ૫ ટકા |
| મેનમેડ યાર્ન | ૧૮ ટકા |
| તમામ ફેબ્રીક્સ | ૫ ટકા |
| ૧૦૦૦થી ઓછાના ગારમેન્ટ | ૫ ટકા |
| ૫૦૦થી વધુના ફુટવેર | ૧૮ ટકા |
| ૫૦૦થી ઓછાના ફુટવેર | ૫ ટકા |
| ડાયમંડ | ૩ ટકા |

## આજથી બેંકિંગ સેવા મોંઘી બનશે

**બેંક સર્વિસ પર ૧૫ ટકાના બદલે ૧૮ ટકા ટેક્સ : આજથી ડિમાન્ડડ્રાફ્ટ, ફંડ ટ્રાન્સફર જેવી સેવાઓ મોંઘી બનશે : આવી જ રીતે ટર્મ પોલિસી, પ્રિમિયમ મોંઘા થશે**



નવી દિલ્હી,તા. ૩૦

દેશમાં આવતીકાલથી સૌથી મોટા કરવેરા સુધારા વ્યવસ્થા જીએસટી અમલી બનનાર છે. આ વ્યવસ્થા અમલી બની ગયા બાદ ફાયાનાન્સિયલ સર્વિસ વધારે મોંઘી સાબિત થશે. બેકિંગ સેવા પણ મોંઘી બની જશે. કારણ કે હાલમાં બેકિંગ સર્વિસેઝ પર ૧૫ ટકા ટેક્સ લાગુ પડે છે. જ્યારે આવતીકાલથી જીએસટી વ્યવસ્થા અમલી બની ગયા બાદ તે ૧૮ ટકા થઈ જશે. એટલે કે આવતીકાલે શનિવારથી ડિમાન્ડ ડ્રાફ્ટ, ફંડ ટ્રાન્સફર જેવી સેવા વધારે મોંધી થઈ જશે. આવી જ રીતે ટર્મ પોલિસિઝ, એન્ડોમેન્ટ પોલિસિઝ અને યુલિપ્સ જેવાના વીમા પ્રિમિયમ મોંઘા થશે. ઈન્સ્યોરન્સ પ્રિમિયમથી લઈને એટીએમ સેવા વધુ ખર્ચાળ સાબિત થશે. બેંકિંગ સેવા પણ જીએસટી હેઠળ વધુ મોંઘી બની જશે. મોટાભાગની ચીજવસ્તુઓ અને સર્વિસ ઉપર ટેક્સના રેટ મોટાભાગે સામાન્ય રહેશે પરંતુ એવા અહેવાલ મળી રહ્યા છે કે, કેટલાક મામલે ખર્ચ વધી જશે જેમાં ઈન્સ્યોરન્સ પ્રિમિયર, બેંકિંગ સેવાનો સમાવેશ થાય છે. ફાઈનાન્સિયલ સર્વિસ ચાર્જ જેમાં એટીએમ ટ્રાન્ઝીક્શન ઉપર સર્વિસ ચાર્જ, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ,

● અનુસંધાન પાન-૭ પર

## હોટેલ, ઓનલાઈન શોપિંગ પર સૌથી વધુ અસર

**જીએસટી અમલી બન્યા બાદ રેસ્ટોરન્ટ ખાણી-પીણી મોંઘી બનશે : ઇ-કોમર્સ કંપનીઓના વેન્ડર્સથી એક ટકા ટીસીએસ વસુલવાનો જીએસટી કાઉન્સિલનો નિર્ણય**

નવી દિલ્હી,તા. ૩૦

દેશભરમાં નવી ટેક્સ વ્યવસ્થા આવતીકાલથી અમલી બની રહી છે. જીએસટી અમલી બની ગયા બાદ સૌથી પહેલા હોટલમાં ભોજન કરનાર લોકો ઉપર સીધી અસર થશે. કેટલીક એવી જગ્યા છે જ્યાં સ્વતંત્રતા બાદ સૌથી પહેલા કરવેરા સુધારા લાગૂ થયા બાદ તરત તેની અસર થશે. જેમ કે અડધી રાત બાદ કોઈ વ્યક્તિ રેસ્ટોન્ટમાં જશે તો તેને વધારે પૈસા ચુકવવા પડશે. પહેલી જુલાઈથી તેને સર્વિસ ટેક્સ નહીં બલ્કે જીએસટીની ચુકવણી કરવી પડશે. જે લોકો આજે રાત્રે ૧૧ વાગ્યા બાદ રેસ્ટોરન્ટમાં પહોંચશે અને બિલ બનતા બનતા ૧૨ વાગી જશે તો સર્વિસ ટેક્સની જગ્યાએ જીએસટી જોડાઈ જશે. એટલ કે પહેલા કરતા વધારે નાણા ચુકવવા પડશે. વર્તમાન છ ટકાના બદલે ભોજન પર ટેક્સ છુટ મળ્યા બાદ સર્વિસ ટેક્સ અને વેટની જગ્યાએ જીએસટી લાગૂ થશે. સરકારનો દાવો છે કે હકીકતમાં ખર્ચમાં વધારો થશે નહીં જે હોટલો સર્વિસ ચાર્જ વસુલ કરે છે તે આગળ પણ જારી રહેશે. શુક્રવારે અડધી રાત બાદ ટેક્સી બુક કરાવવામાં આવે તો અને પેમેન્ટ ૧૨ વાગ્યા બાદ કરવામાં આવશે તો જીએસટી લાગૂ થશે. જીએસટી લાગૂ થયા બાદ તેની

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટી પણ તૈયારી વિના અમલી કરાયો : રાહુલ ગાંધી

**એક અસક્ષમ તેમજ સંવેદન શૂન્ય સરકાર દ્વારા જીએસટી વ્યવસ્થા અમલી કરાઈ રહી છે : કરોડો લોકો, નાના કારોબારીને જીએસટીથી મુશ્કેલી થશે**

નવી દિલ્હી,તા. ૩૦

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા. જીએસટીને લઈને સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, જીએસટી દેશની અસક્ષમ અને સંવેદનશીલ



શૂન્ય સરકાર દ્વારા લાગૂ કરવામાં આવી રહી છે. રાહુલે કહ્યું છેકે, જીએસટીને કોંગ્રેસ શરૂઆતથી સમર્થન આપે છે. રાહુલે દાવો કર્યો હતો કે, નોટબંધીને જેમ જ જીએસટીને પણ કોઈપણ તૈયારી વગર લાગૂ કરવાનો નિર્ણય કરાયો છે. અત્રે નોંધનીય છે કે, આજે અડધી રાતથી જીએસટી વ્યવસ્થા અમલી બનવા જઈ રહી છે. આજે રાત્રે સંસદના સેન્ટ્રલ હોલમાં થનાર જીએસટી કાર્યક્રમનો કોંગ્રેસ બહિષ્કાર કરનાર છે. કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, જીએસટી અપાર

● અનુસંધાન પાન-૭ પર



આવજો... -પ્રધાનમંત્રીની બે દિવસની ગુજરાત યાત્રાના અંતે શુક્રવારે સાંજે દિલ્હી જવા રવાના થયા ત્યારે એરપોર્ટ પર રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ આભાર સાથે વિદાય આપી હતી...

## હાફીઝ સઈદના ત્રાસવાદી સંગઠન પર પ્રતિબંધ

**પાકિસ્તાને આખરે કઠોર પ્રતિબંધ લાદી દીધો : તહેરીકે આઝાદી જમ્મુ કાશ્મીર સંગઠન ઉપર પ્રતિબંધ**

નવીદિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે હાલમાં જ યોજાયેલી બેઠકની અસર દેખાઈ રહી છે. ટ્રમ્પ ઈફેક્ટ વચ્ચે પાકિસ્તાને આખરે ખતરનાક આતંકવાદી હાફીઝ સઈદનો ટેકો ધરાવતા આતંકવાદી સંગઠન ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. પાકિસ્તાને તહેરીકે આઝાદી-જમ્મુ કાશમીર સંગઠન ઉપર પ્રતિબંધ મુક્યો છે. આ સંગઠન જમાત ઉદ દાવાના નામથી પણ ચાલે છે. ૨૦૦૮ના મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડના સંગઠન તરીકે તેને ગણવામાં આવે છે. જાન્યુઆરી મહિનામાં પાકિસ્તાને સઈદને નજરકેદ હેઠળ પકડી લીધો હતો જ્યારે જમાત ઉદ દાવાને વોચલિસ્ટમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તહેરીકે આઝાદી કાશ્મીર દ્વારા છેલ્લા વર્ષોમાં ઘણા હુમલાને અંજામ આપવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## તંગદિલીની વચ્ચે નાથુલા માર્ગેથી કૈલાશ માનસરોવર યાત્રા રદ કરાઈ

**ઉત્તરાખંડમાં લિપુલેક મારફતે તિર્થયાત્રા યથાવત રીતે જારી રહેશે : ભારત અને ચીન વચ્ચે તંગદિલી વધતા નિર્ણય થતાં સેંકડો શ્રદ્ધાળુમાં નિરાશા ફેલાઈ : દુરગામી વિસ્તારોમાં ભારત-ચીન દ્વારા હજારો સૈનિકો તૈનાત કરાયા**

નવીદિલ્હી,તા. ૩૦

સિક્કિમમાં નાથુલાના રસ્તાથી કૈલાશ માનસરોવરની યાત્રાને રદ કરી દેવામાં આવી છે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ભારત અને ચીન વચ્ચે સરહદી વિવાદને લઈને ચાલી રહેલી ખેંચતાણઁ વચ્ચે આ નિર્ણય લેવામા આવ્યો છે. ભારત અને ચીનના સૈનિકો હાલમાં આમને સામને છે. આ નિર્ણયના કારણે શ્રદ્ધાળુઓમાં નિરાશા ફેલાઈ ગઈ છે. નાથુલા માર્ગ મારફતે એક જટિલ અને મુશ્કેલ યાત્રા બાદ ભગવાન શિવાના આવાસ ગણાતા પર્વતીય ક્ષેત્રની યાત્રા કરવાની ઈચ્છા ધરાવતા ૪૦૦થી વધારે શ્રદ્ધાળુઓ માટે નિરાશાજનક બાબત છે. એક સરકારી અધિકારીએ કહ્યુ છે કે આ વર્ષે સિક્કિમમાં નાથુલા મારફતે કેલાશ માનસરોવરની યાત્રા થશે નહી. પરંતુ ઉત્તરાખંડમાં લુપુલેખ મારફતે તીર્થયાત્રા નિર્ધારિત કાર્યક્રમ મુજબ આગળ વધશે. સિક્કિમ-ભુટાન-તિબેટ ટ્રાઈ જંક્શન ઉપર ભારત અને



ચીન વચ્ચે તંગદિલી છે ત્યારે બંને દેશોએ પોતાના દુરગામી વિસ્તારોમાં સૈનિકોનો ખડકલો કરી દીધો છે. ભારતીય સેનાના વડા બિપીન રાવતે ગઈકાલે ગંગટોક સ્થિત ૧૭ માઉન્ટેઈન ડિવિઝન અને કલિમપોંગ સ્થિત ૨૭ માઉન્ટેઈન ડિવિઝનની યાત્રા કરીને સ્થિતિની સમીક્ષા કરી હતી. ભારતીય સેનાએ હાલમાં કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કરી દીધો છે. જનરલ રાવતે યાત્રા વેળા ૧૭ ડિવિઝનમાં સૈનિકોની તૈનાતી ઉપર ધ્યાન આપ્યું હતું. ૨૦મી જૂનના દિવસે બંને દેશોના કમાન્ડરો વચ્ચે ફ્લેગ મિટિંગ થઈ હતી પરંતુ તે ફ્લોપ રહી હતી.જમ્મુ કાશ્મીરથી અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં

● અનુસંધાન પાન-૭ પર








